આકાશવાણી -ભુજ

સમાચાર વાચક: તૌફીક સમા

કમ્પ્યુટરરાઈઝ: મીત ગોર

તારીખ :૨૪-૧૧-૨૦૨૪ રવિવાર સમય: સાંજે : ૬:૨૫

## PM મન કી બાત

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મન કી બાત કાર્યક્રમમાં રાજકીય પૃષ્ઠભૂમિ વિનાના પરિવારોના યુવાનોને રાજકારણમાં જોડાવા હાકલ કરી છે. આકાશવાણી પર મન કી બાત કાર્યક્રમની 116મી આવૃત્તિમાં રાષ્ટ્રને સંબોધન કરતા પ્રધાનમંત્રીએ જાહેરાત કરી કે આગામી થોડા મહિનામાં આવા એક લાખ યુવાનોને રાજકારણ સાથે જોડવા માટે દેશમાં અનેક વિશેષ અભિયાનો ચલાવવામાં આવશે. શ્રી મોદીએ આવતા વર્ષે સ્વામી વિવેકાનંદની 162મી જન્મજયંતિ પર દિલ્હીમાં વિકસિત ભારત યુવા નેતૃત્વ સંવાદ' યોજવાની જાહેરાત કરી હતી.

એક પેડ મા કે નામ અભિયાન માત્ર પાંચ મહિનામાં 100 કરોડ વૃક્ષો વાવવાનું મહત્ત્વપૂર્ણ સીમાચિહ્ન પાર કરવા બદલ ખુશી વ્યક્ત કરી હતી. નેશનલ કેડેટ કોર્પ્સ-NCC દિવસ અંગે વાત કરતાં શ્રી મોદીએ એનસીસી કેડેટ તરીકેના તેમના દિવસોને યાદ કર્યા હતા. તેમણે કહ્યું કે કહ્યું કે NCC યુવાનોમાં શિસ્ત, નેતૃત્વ અને સેવાની ભાવના કેળવે છે.

શ્રી મોદીએ એવા યુવાનો વિશે વાત કરી જેઓ વૃદ્ધોને ડિજિટલ ધરપકડના જોખમમાંથી બચાવવા માટે આગળ આવ્યા છે. તેમણે અમદાવાદના એક યુવાન દ્વારા આ અંગે કરાયેલા પ્રયાસોની પ્રસંશા કરી હતી

RNU AHMDAVAD

---

એક અગત્ય ની જાહેરાત

આકાશવાણી ભુજ પરથી મન કી બાત કાર્યક્રમ ને આવરી લેતું કચ્છી બુલેટીન આજે સાંજે ૦૭.વાગ્યે અને ૦૫ મીનીટે પ્રસારિત થશે.

અગત્ય ની જાહેરાત પૂરી થઇ.

. તૌફીક સમા

## મણીપુર નો સાદ કાર્યક્રમનું આયોજન

એલએલડીસી ક્રાફ્ટ મ્યુઝિયમ અને વિશ્વગ્રામ તથા ભારતીય સંગીત વિદ્યાલયના સંયુક્ત ઉપક્રમે મણીપુર નો સાદ પૂર્વ અને પશ્ચિમ નો મિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં પૂર્વ અને પશ્ચિમના સમન્વય સમૂહ લોકસંગીત મણીપુર અને કચ્છના પ્રસિદ્ધ કલાકારો દ્વારા પ્રસ્તુત કરવામાં આવશે. જે થકી મણીપુર અને કચ્છનું સાંસ્કૃતિક આદાન-પ્રદાન એક મંચ પર જોવા મળશે. આ કાર્યક્રમનું આયોજન આજે રાત્રે 8:30 ટાઉનહોલ ભુજ મધ્યે કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં મણિપુર ની પ્રખ્યાત લોકગાયિકા કલાકાર સંશોધક અને શિક્ષિકા માંગકા માયાંગ લાંબામ, ગાંધી ગાયિકા અને બોલીવુડ પાર્શ્વ ગાયિકા મેઘા ડાલ્ટન, તેમજ કચ્છ ગુજરાતના પ્રખ્યાત લોક ગાયક અનિરુદ્ધ આહિર પોતાની અવનવી પ્રસ્તુતિઓ રજુ કરશે.

**તૌફીક સમા**

---

## તાપમાન

રાજ્યની સાથે કચ્છમાં પણ ઠંડીનું પ્રમાણ વધી રહ્યું છે ત્યારે કાશ્મીરમાં પડેલી હિમવર્ષાને કારણે કચ્છ જિલ્લામાં પણ ઠંડીનું મોજુ ફરીવળ્યું છે. રાપર અને કંડલામાં 15 ડિગ્રી સેલ્સિયસ, જિલ્લા મથક ભુજમાં ૧૬.૬ ડિગ્રી સેલ્સિયસ, કંડલા 17.9 ડિગ્રી, જ્યારે નલિયા 12.2 ડિગ્રી સાથે રાજ્યનો સૌથી વધુ ઠંડક ધરાવતું શીત મથક રહ્યું હતું

**તૌફીક સમા**

---

## આદિપુરના ટેબલ ટેનિસ ખેલાડીની પસંદગી

સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા સ્વામી વિવેકાનંદ બિનનિવાસી પ્રતિભા સંવર્ધન કેન્દ્ર, સેન્ટર ઓફ એક્સેલન્સ માટે આદિપુરના ટેબલ ટેનિસ ખેલાડી ધ્રુવ ભંભાણી ની પસંદગી કરવામાં આવી છે ધ્રુવે તાજેતરમાં ગોવા ખાતે યોજાયેલી નેશનલ રેન્કિંગ ચેમ્પિયનશિપમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો

**તૌફીક સમા**

## પોસ્ટલ પેન્શનર એસોસિએશન સ્નેહમિલન

પોસ્ટલ પેન્શનર એસોસિએશન દ્વારા તાજેતરમાં સ્નેહમિલન નો એક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો જેમાં તાજેતરમાં દિવંગત  પામેલા સંસ્થાના સભ્યોને શ્રદ્ધાંજલિ અર્પણ કરાઈ હતી. આ ઉપરાંત નવા સભ્યોને આવકાર આપી પ્રતીક ભેટ આપવામાં આવી હતી.

**તૌફીક સમા**

---

## દિવ્યાંગ રમતોત્સવ

આગામી તારીખ 30 નવેમ્બર ▯ ને ૧લી  ડિસેમ્બરે ▯ ખિલ કચ્છ દિવ્યાંગ રમતોત્સવનું કચ્છ વિકાસ ટ્રસ્ટ દ્વારા આયોજન કરવામાં આવ્યું છે. જેમાં લોકગીત, ફિલ્મી સંગીત,મીમીક્રિ જેવી ઇન્ડોર સ્પર્ધાઓ યોજાશે. આ ઉપરાંત દોડ રસાખેંચ,  બેલેન્સિંગ જેવી આઉટર સ્પર્ધાઓનું પણ આયોજન કરવામાં આવ્યું છે સ્પર્ધાના દિવસો દરમિયાન સ્પર્ધકો તથા તેમની સાથે આવનારને રહેવા જમવાની તથા ચા નાસ્તાની સુવિધા સંસ્થા દ્વારા પૂરી પાડવામાં આવશે. દિવ્યાંગ ભાઈ બહેનો ઉત્સાહભેર આ સ્પર્ધામાં ભાગ લે ▯ ને આયોજનને સફળ બનાવે એ માટે ▯ નુરોધ કરવા સંસ્થા ની એક યાદીમાં જણાવાયું છે.

**તૌફીક સમા**

---

## ડ્રગ્સ ઝડપાયુ

ગુજરાત પોલીસને નશાકારક પદાર્થો ઝડપવામાં વધુ એક સફળતા મળી છે. પૂર્વ કચ્છ પોલીસે 17 લાખ 75 હજાર નું કોકેઇન ઝડપી પાડ્યું છે.. મોટાપાયે ડ્રગ્સની હેરાફેરી કરનારા બે આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે..પોલીસ દ્વારા ડ્રગ્સ સાથે ઝડપાયેલા બંને આરોપીઓની પૂછપરછ કરાઇ રહી છે. આ નશાકારક પાપ કયાથી સાવ્યો ▯ ને કોને ડિલિવરી કરવામાં આવનાર હતી.તે અંગે ની પૂછપરછ પોલીસ કરી રહી છે.

**તૌફીક સમા**

---